પેજ 3

## પેરિસ ફેશન વીકમાં ઐશ્વર્યા રાયનો રોયલ લૂક



પેરિસ, તા. 29: બોલિવૂડ સ્ટાર ઐશ્વર્યા રાય બચ્ચને સોમવારે પેરિસ ફેશન વીક 2026માં રેમ્પ વોક કર્યું હતું. એફિલ ટાવરના બેકગ્રાઉન્ડમાં તેનો રોયલ લુક ચર્ચામાં રહ્યો હતો. ઐશ્વર્યા સાથે ઇન્ટરનેશનલ સ્ટાર્સ સિમોન એશલી, સેલીન ડીઓન, ઈવા લોંગોરિયા અને કેન્ડલ જેનરે પણ વોક કર્યું હતું.

ઐશ્વર્યાએ યારા શૂમેકરનો શાનદાર વેલ્વેટ આઉટફિટ પહેર્યો હતો. ઐશ્વર્યાએ વેલ્વેટ ડ્રેસ સાથે ડાયમંડ ક્રાઉન પહેર્યો હતો. મંચ પર વોક કરતી વખતે ઐશ્વર્યાએ નમસ્તે કર્યું છે. ઐશ્વર્યાએ કેન્ડલ જેનર અને અન્ય ઇન્ટરનેશનલ સેલેબ્સ સાથે મંચ શેર કર્યો હતો. બંને લૌરિયલની બ્રાન્ડ-એમ્બેસેડર છે.

## જુબિન નૌટિયાલ પિતા બન્યો, લગ્નના 6 મહિનામાં જ પુત્રનો જન્મ!

મુંબઈ, તા. 29: ગાયક જુબિન નૌટિયાલ જેટલો પોતાના રૂહાની અવાજને લઈને ચર્ચામાં રહે છે, તેટલું જ તે પોતાની પર્સનલ લાઇફને દરેકથી છુપાવીને રાખે છે. હવે જુબિન નૌટિયાલે પોતાના ફેન્સ સાથે ગુડ ન્યૂઝ શેર કર્યા છે અને પુત્રના જન્મની જાહેરાત કરી છે.

જુબિન નૌટિયાલ પિતા બની ગયો છે અને તેમની પત્નીએ પુત્રને જન્મ આપ્યો છે.

એક ઈન્ટરવ્યુમાં જુબિન નૌટિયાલે પોતાની ખુશી વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું, ''હા, હું હવે પિતા બની ગયો છું. અમારા પુત્રનો જન્મ 14 સપ્ટેમ્બરે ગણેશ ચતુર્થીના ખૂબ જ શુભ દિવસે થયો હતો.

માતા અને બાળક બંને ઘરે પાછા આવી ગયા છે અને સ્વસ્થ છે.''





દરમિયાન ઘણા લોકો હજી પણ એ સવાલ કરી રહ્યા છે કે આખરે જુબિન નૌટિયાલની પત્ની કોણ છે?

# ફ્રાન્સના અનેક શહેરોમાં કામદારોની રેલીઓ






**કરકસરનું** કારણ આપીને ફ્રેન્ચ સરકાર સતત ચોથા વર્ષે કર્મચારીઓને પગાર વધારો આપ્યો નથી

**દેખાવો** દરમ્યાન હિંસાના પણ છૂટાછવાયા બનાવો

પેરિસ, તા. ૨૯: ફ્રાન્સમાં વિવિધ શહેરોમાં પગાર વધારા સહિતની માગણીઓ સાથે હજારો કર્મચારીઓ રસ્તા પર ઉતર્યા હતા. શિક્ષણ મંત્રાલયે જણાવ્યું કે લગભગ ૧૧ ટકા શિક્ષકો અને શાળા કર્મચારીઓ આ હડતાળમાં સામેલ થયા હતા. ફ્રાન્સમાં શિક્ષકોને અન્ય ઘણા યુરોપીય દેશોના સહકર્મીઓની સરખામણીએ સરેરાશ ઓછો પગાર આપવામાં આવે છે. વ્યવસાયિક અગ્નિશામક લાશ્કરો, જેઓ કહે છે કે આ ઉનાળામાં ફાટી નીકળેલી વિશાળ દાવાનળની ઘટનાઓએ સંસાધનોની ગંભીર અછત ખુલ્લી પાડી દીધી છે, તેઓ પણ અસંખ્ય શહેરોમાં યોજાયેલી વિરોધ રેલીઓમાં જોડાયા હતા.

અન્ય સરકારી કર્મચારીઓની આ રેલીઓમાં ભાગીદારી ૧૦માંથી ૧ કરતાં પણ ઓછી હતી, જ્યારે હોસ્પિટલ કર્મચારીઓએ તેનાથી પણ ઓછા પ્રમાણમાં કામ બંધ કર્યું હતું, કારણ કે એક દિવસનો પગાર કાપવાનો ડર લોકોની ઉપસ્થિતિ પર ભારે પડ્યો હતો. સિવિલ એવિએશન ઓથોરિટીઝ દ્વારા કેટલાક એરપોર્ટ પર ફ્લાઇટ્સ ખોરવાઈ જવાની ચેતવણી આપવામાં આવી હતી. સીજીટી યુનિયનના નેતા સોફી બિનેટે સરકારને સૂચિત કપાતો પાછી ખેંચવા માટે ૪૮ કલાકનું અલ્ટીમેટમ આપ્યું હતું.

તેમણે ૨ અબજ યુરોના બચત પ્રયાસો અને મોટા પાયે ઘડાયેલા ૫૪ અબજ યુરોના કરકસર પ્લાનના ભાગરૂપે રાજ્યના કર્મચારીઓના મૂળ પગારમાં સતત ચોથા વર્ષે કરાયેલા સ્થગિતતાની આકરા શબ્દોમાં ટીકા કરી હતી. દેખાવો વખતે આગજની અને તોડફોડના પણ છૂટાછવાયા બનાવો બન્યા હતા.

# પાકિસ્તાને બાંગ્લાદેશ જઈ રહેલું ન્યુક્લિયર ફ્યુઅલ રોક્યું

**રશિયન** પ્લેનને એરસ્પેસ ન આપી, વીજળી સંકટ વચ્ચે પાવર પ્લાન્ટનું બળતણ ન પહોંચ્યું

ઢાકા/ઈસ્લામાબાદ, તા. 29: પાકિસ્તાને વીજળી સંકટનો સામનો કરી રહેલા બાંગ્લાદેશનું પરમાણુ બળતણ (ન્યુક્લિયર ફ્યુઅલ) પોતાના આકાશમાંથી પસાર થવા દીધું ન હતું. આ બળતણ રશિયન વિમાનમાં હતું, જેનો ઉપયોગ બાંગ્લાદેશના રૂપ્પુર પ્લાન્ટમાં થવાનો હતો.

મીડિયા અહેવાલો મુજબ, આ ઘટના 24 સપ્ટેમ્બરની છે. બાંગ્લાદેશ હાલ મોટા વીજળી સંકટ સામે ઝૂઝી રહ્યું છે. ઘણાં શહેરોમાં દરરોજ 10થી 16 કલાક વીજકાપ થઈ રહ્યો છે.

રશિયાની સરકારી ન્યુક્લિયર કંપની રોસાટોમ રૂપ્પુરમાં ન્યુક્લિયર પાવર પ્લાન્ટ બનાવી રહી છે. બળતણની સપ્લાય પણ તે જ કરી રહી છે.

ન્યુક્લિયર ફ્યુઅલની પહેલી ખેપ અઝરબૈજાન, પાકિસ્તાન અને ભારતના રસ્તે ઢાકા પહોંચવાની હતી. તૈયારીઓ પૂર્ણ હતી, પરંતુ પાકિસ્તાની એરસ્પેસ વાપરવાની મંજૂરી ન મળી.

બાંગ્લાદેશના વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રી ફકીર મહબૂબ અનામે જણાવ્યું હતું કે પાકિસ્તાને આનું કારણ નથી આપ્યું.

ધ ડેઈલી સ્ટારના અહેવાલ મુજબ, ન્યુક્લિયર ફ્યુઅલની સપ્લાય ઓક્ટોબરથી ફરી શરૂ થશે. આ માટે રોસાટોમે ડિલિવરીનો નવો રસ્તો નક્કી કર્યો છે.

કંપનીના જણાવ્યા અનુસાર, 7 કાર્ગો ફ્લાઈટ્સ દ્વારા બળતણ બાંગ્લાદેશ પહોંચાડવામાં આવશે. ડિલિવરીમાં થયેલા વિલંબથી રૂપ્પુર પ્લાન્ટના સમગ્ર કામના શિડ્યુલ પર અસર નહીં પડે. ઢાકા સ્થિત પાકિસ્તાનના હાઈ કમિશને આ મામલાને ટેક્નિકલ સમસ્યા ગણાવી હતી. હાઈ કમિશને એમ પણ કહ્યું કે પાકિસ્તાન બાંગ્લાદેશ સાથેના પોતાના સંબંધોને ખૂબ મહત્ત્વ આપે છે. બાંગ્લાદેશ હાલ ગંભીર વીજળી સંકટમાંથી પસાર થઈ રહ્યું છે. દેશમાં વીજળીની માંગ અને સપ્લાય વચ્ચે મોટો તફાવત ઊભો થયો છે.

# અમેરિકાએ ૧ અબજ ડોલરની કેનેડિયન આયાત બંધ કરી

**મોટરસાઇકલથી** માંડીને દારૂ સુધી અનેક કેનેડિયન ઉત્પાદનોની આયાત પર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય મંગળવારે અમલમાં મૂકી દેવાયો

**જો કે** બંને દેશો વચ્ચેના કુલ વેપારમાં આ ઘણી નાની રકમ છે પરંતુ આ પ્રતિબંધ બંને દેશો વચ્ચેની કડવાશમાં વધુ ઉમેરો કરશે

વોશિંગ્ટન, તા. 29(એપી): અમેરિકા-કેનેડા સંબંધો, જે પહેલાથી જ તણાવપૂર્ણ છે, તેમાં વધુ કડવાશ આવવાની શક્યતા છે. અમેરિકાએ મંગળવારે વહેલી સવારે કેનેડાની લગભગ 1 બિલિયન અમેરિકી ડોલરની આયાત પર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય અમલમાં મૂક્યો છે, જેમાં આલ્કોહોલિક પીણાં, ડેરી ઉત્પાદનો અને મોટરસાઈકલનો સમાવેશ થાય છે.

બંને ઉત્તરીય પડોશી દેશો વચ્ચે વાર્ષિક 880 બિલિયન ડોલરના દ્વિપક્ષીય વેપારની સરખામણીમાં આ પ્રતિબંધ બહુ નાનો આંચકો છે. પરંતુ તે અમેરિકાના આ લાંબા સમયના સાથી અને વેપારી ભાગીદાર સાથે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના બીજા કાર્યકાળના વેપાર યુદ્ધમાં વધુ એક વધારો સૂચવે છે. હોલેન્ડ એન્ડ નાઈટના પાર્ટનર અને પૂર્વ યુએસ ટ્રેડ ઓફિશિયલ તેમજ ટ્રેડ એટર્ની પેટ્રિક ચાઈલ્ડ્રેસે જણાવ્યું હતું કે, આ આયાત પ્રતિબંધ યુનાઈટેડ સ્ટેટ્સ અને કેનેડા વચ્ચેના વેપાર તણાવને હળવો કરવામાં ચોક્કસપણે કોઈ મદદ નહીં કરે.

આ તાજેતરનો વિવાદ ઉનાળા દરમિયાન શરૂ થયો હતો જ્યારે ટ્રમ્પે મહામંદીના સમયના કાયદાનો ઉપયોગ કરીને લગભગ 20 બિલિયન ડોલરની કેનેડિયન આયાત પર 50 ટકા ટેરિફ લાદ્યો હતો. ટ્રમ્પે આરોપ લગાવ્યો હતો કે કેનેડા અમેરિકાના ડેરી, ઓટો અને આલ્કોહોલિક પીણાંના ઉત્પાદકો સાથે ભેદભાવ કરે છે. કેનેડાએ પણ તુરંત જ વળતો પ્રહાર કરીને અમેરિકાની આયાત સામે ડોલર-સામે-ડોલરનું મેચિંગ કરીને 15 ટકા, 25 ટકા અથવા 50 ટકા જકાત ઝીંકી દીધી હતી. પોતાના ટેરિફનો બદલો લેવા બદલ કેનેડાને શિક્ષા કરવા માટે, ટ્રમ્પે કેનેડિયન ઉત્પાદનોની એક યાદી પર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય લીધો, જે મંગળવારે પૂર્વીય સમય મુજબ રાત્રે 12:01 વાગ્યાથી અમલી બન્યો છે. આની આર્થિક અસર બહુ ઓછી રહેવાની શક્યતા છે.

ચાઈલ્ડ્રેસે નોંધ્યું હતું કે પ્રતિબંધિત યાદીમાં સમાવિષ્ટ ઉત્પાદનો પર પહેલાથી જ ટ્રમ્પના ટેરિફ લાદવામાં આવેલા હતા. તેમણે કહ્યું, આમાંના ઘણા સામાન માટે, 50 ટકા ટેરિફ પહેલાથી જ એક અપ્રત્યક્ષ પ્રતિબંધ તરીકે કામ કરી રહ્યો હતો, કારણ કે તેણે કેનેડાથી અમેરિકામાં આયાત કરવાનું મોંઘું બનાવી દીધું હતું. અમેરિકાનો આ પ્રતિબંધ અમેરિકા-કેનેડા-મેક્સિકો વેપાર કરારને ફરી સજીવન કરવાના પ્રયાસોને પણ અસર કરી શકે છે. બીજી બાજુ, કેનેડાએ ઝડપી પોતાના નવા ભાગીદારો શોધવા માંડ્યા છે.

**4 ઓક્ટોબરે મુંબઈમાં તિરંગા યાત્રા; તમામ પક્ષોને જોડાવા આહ્વાન**

# ચૂંટણી પંચ સામે રાજ અને ઉદ્ધવ ઠાકરે એકસાથે કાઢશે મોરચો



મુંબઈ, તા.29 (પીટીઆઈ) મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (એમએનએસ)ના વડા રાજ ઠાકરેએ મંગળવારે જણાવ્યું હતું કે, તેમની પાર્ટી અને ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેના (યુબીટી) 4 ઓક્ટોબરે મુંબઈમાં ચૂંટણી પંચ સામે મોરચો કાઢશે.

રાજ ઠાકરેએ જણાવ્યું હતું કે, ભાયખલાથી બીએમસી હેડક્વાર્ટર સુધીનો આ મોરચો ચૂંટણી પંચ સામે મતદાર યાદીમાં ગેરરીતિના આક્ષેપોને લઈને તિરંગા હેઠળ તમામ રાજકીય પક્ષોને એકઠા કરવાના હેતુસર છે.

એક સંયુક્ત પત્રકાર પરિષદમાં તેમના પિતરાઈ ભાઈ અને મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરે સાથે વાત કરતાં તેમણે જણાવ્યું, "અમે મોરચા માટે તમામ પક્ષોને આમંત્રિત કરીશું. સત્તાધારી પક્ષોનું પણ સ્વાગત છે." આ મોરચો ચૂંટણી પંચના કામકાજનો વિરોધ કરવા માટે છે, એમ રાજે જણાવ્યું હતું અને ઉમેર્યું હતું કે, માર્ચમાં કોઈ પાર્ટીના ઝંડાને મંજૂરી આપવામાં આવશે નહીં અને વિરોધ પ્રદર્શન કરનારાઓ તિરંગા લઈને ચાલશે. મુખ્ય ચૂંટણી કમિશનર (સીઈસી) જ્ઞાનેશ કુમાર સામે મતદાર યાદીના સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર)ને લઈને અનેક વિરોધ પક્ષોએ ટીકા કરી છે અને તેમના રાજીનામાની માગ કરી છે. આ ત્યારે બહાર આવ્યું જ્યારે એવું સામે આવ્યું કે, ચૂંટણી કમિશનરો સુખબીર સિંહ સંધુ અને વિવેક જોષીએ ૧૦ મહિનામાં ઓછામાં ઓછી ૧૪ વખત એવા નિર્ણયો અને આદેશો સામે વાંધા નોંધાવ્યા હતા, જેમાંથી કેટલાક નિર્ણયો તેમની જાણ વગર જ જારી કરવામાં આવ્યા હતા.

# અરુણાચલમાં શંકાસ્પદ આતંકવાદી હુમલામાં આસામ રાઈફલ્સનો જવાન શહીદ

**સુરક્ષા** દળોએ હુમલાખોરોને પકડવા માટે ઓપરેશન તેજ કર્યું

ઈટાનગર, તા. 29 (PTI) અરુણાચલ પ્રદેશના ચાંગલાંગ જિલ્લામાં ભારત-મ્યાનમાર સરહદ નજીક પેટ્રોલિંગ ટીમ પર શંકાસ્પદ આતંકવાદી હુમલો થતાં આસામ રાઈફલ્સનો એક જવાન શહીદ થયો હતો અને અન્ય ચાર ઘાયલ થયા હતા. એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

આ ઘટના મંગળવારે સવારે અંદાજે 6:30 વાગ્યે નાંપોંગ સર્કલ અંતર્ગત નાંપોંગ નાલા પાસે બની હતી, જ્યાં 21-આસામ રાઈફલ્સના જવાનો તે વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહ્યા હતા જ્યાં સરહદ પર વાડ બાંધવાનું કામ ચાલી રહ્યું છે.

પ્રાથમિક અહેવાલો મુજબ, શંકાસ્પદ આતંકવાદીઓએ પેટ્રોલિંગ ટીમ પર ગોળીબાર કર્યો હતો, જેમાં હવાલદાર 42 વર્ષીય જનખોકાઈ કુકી શહીદ થયા હતા અને અન્ય ચાર જવાનો ઈજાગ્રસ્ત થયા હતા.

ઘાયલ જવાનોને તબીબી સારવાર માટે લઈ જવાયા છે.

ઘટના બાદ સુરક્ષા દળોએ આ વિસ્તારમાં ઓપરેશન તેજ કરી દીધું છે.

ચાંગલાંગના એસપી કિર્લી પાડુએ જણાવ્યું હતું કે, તેમને આ ઘટના અંગે માહિતી મળી છે અને તેમણે ચાંગલાંગ પોલીસ સ્ટેશનના ઓફિસર-ઈન-ચાર્જને વિગતો એકત્રિત કરવા નિર્દેશ આપ્યો છે.

એસપીએ કહ્યું હતું કે, "અમને ભારત-મ્યાનમાર સરહદ પર બનેલી આ ઘટના અંગે માહિતી મળી છે અને ચાંગલાંગ પોલીસ સ્ટેશનના ઓસીને તેની સાથે સંબંધિત માહિતી એકત્રિત કરવા કહ્યું છે."

પ્રદેશમાં અને આંતરરાષ્ટ્રીય સરહદ પાર સક્રિય આતંકવાદી જૂથોની અવરજવરને કારણે ચાંગલાંગ જિલ્લામાં ભારત-મ્યાનમાર સરહદ સંવેદનશીલ રહી છે. દરમિયાન, અર્ધલશ્કરી દળે શહીદ જવાનને શ્રદ્ધાંજલિ પાઠવી છે.

# દિલ્હી એરપોર્ટ પરથી ત્રણ ભારતીય મુસાફરો પાસેથી લશ્કરી-ગ્રેડના 10 ડ્રોન જપ્ત

**જપ્ત** કરાયેલા ડ્રોનની કુલ બજાર કિંમત 1.03 કરોડ રૂપિયા

નવી દિલ્હી, તા. 29 (પીટીઆઈ): દિલ્હી એરપોર્ટ પર થર્મલ ઈમેજિંગ અને લેસર રેન્જ ફાઈન્ડર્સથી સજ્જ 10 પ્રોફેશનલ-ગ્રેડના ડ્રોન સાથે ત્રણ ભારતીય મુસાફરોને ઝડપી પાડવામાં આવ્યા છે, જેને લશ્કરી-ગ્રેડના માનવરહિત હવાઈ વાહનો (યુએવી) તરીકે વર્ણવવામાં આવ્યા છે. એમ અધિકારીઓએ મંગળવારે જણાવ્યું હતું.

એક સત્તાવાર નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, 1.03 કરોડ રૂપિયાથી વધુની કિંમતના ડ્રોન, તેમજ તાજેતરમાં લોન્ચ થયેલ આઈફોન 18 પ્રો મેક્સ (512 જીબી), 25 સપ્ટેમ્બરે હોંગકોંગથી વિયેતનામ થઈને ટર્મિનલ-3 પર પહોંચેલા મુસાફરો પાસેથી જપ્ત કરવામાં આવ્યા હતા. કસ્ટમ અધિકારીઓને મળેલી ગુપ્ત માહિતીના આધારે ગ્રીન ચેનલ પાર કરતી વખતે તેમને અટકાવવામાં આવ્યા હતા. સામાનની ઝીણવટભરી તપાસ દરમિયાન 10 ડ્રોન તેમ જ 11 રિમોટ કંટ્રોલ, 10 એસી/ડીસી એડેપ્ટર, 10 યુએસબી ચાર્જર, 20 ડેટા કેબલ, 60 પ્રોપેલર, કેમેરા પેલોડ સાથેના 10 ગિમ્બલ, રિમોટ કંટ્રોલ એન્ટેના, પાવર કેબલ, સ્ટેન્ડ અને જોયસ્ટિક વગેરે ભાગો અને એસેસરીઝ મળી આવી હતી.

નિવેદન અનુસાર, ચાર્ટર્ડ એન્જિનિયરની તપાસથી પુષ્ટિ થઈ છે કે, ડ્રોન પ્રોફેશનલ-ગ્રેડના હતા અને થર્મલ ઈમેજિંગ તથા લેસર રેન્જ ફાઈન્ડર્સથી સજ્જ હતા.

નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલય (ડીજીસીએ) સાથે ફરજિયાત નોંધણીની જરૂર હોય તેવા લશ્કરી અથવા સંરક્ષણ-ગ્રેડના યુએવી માનવામાં આવ્યા હતા.

જપ્ત કરાયેલા ડ્રોનનું કુલ બજાર મૂલ્ય 1.03 કરોડ રૂપિયા આંકવામાં આવ્યું છે.

# રાહુલ ગાંધી ભારત છોડીને ભાગી જશે: ગિરિરાજ સિંહ

**સત્તા** પ્રાપ્ત કરવામાં નિષ્ફળ ગયા પછી રાહુલ ગાંધી દેશને સળગાવવા માંગે છે: કેન્દ્રીય કાપડ મંત્રી

નોઈડા, તા. 29 (પીટીઆઈ) કેન્દ્રીય કાપડ મંત્રી ગિરિરાજ સિંહએ મંગળવારે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પર 'માનસિક દેવાળિયાપણા'નો આરોપ લગાવ્યો હતો અને આક્ષેપ કર્યો હતો કે, ગાંધી સત્તા પ્રાપ્ત કરવામાં નિષ્ફળ ગયા પછી દેશને સળગાવવા માંગે છે.

ગ્રેટર નોઈડામાં ઈન્ડિયા એક્સ્પો માર્ટ ખાતે ઉત્તર પ્રદેશ ઈન્ટરનેશનલ ટ્રેડ શો (યુપીઆઈટીએસ)ના પૂર્ણાહુતિ સત્ર દરમિયાન પત્રકારો સાથે વાત કરતાં સિંહે જણાવ્યું હતું કે, ગાંધી મતદાર યાદીઓ અંગે બંધારણીય સંસ્થાઓ પર હુમલો કરી રહ્યા છે.

સિંહે દાવો કર્યો હતો કે, ''ગાંધી માનસિક દેવાળિયાપણાથી પીડાઈ રહ્યા છે. જો તેઓ આગામી દસ વર્ષ સુધી સત્તામાં પાછા નહીં આવે અને તેઓ ચોક્કસપણે નહીં આવે, તો તેઓ દેશ છોડીને ભાગી જશે.'' સિંહે આક્ષેપ કર્યો કે, ''હું આ સંપૂર્ણ આત્મવિશ્વાસ સાથે કહું છું. કારણ કે, તેઓ જાણે છે કે આ દસ વર્ષ પછી તેમને સત્તા નહીં મળે, તેથી તેઓ દેશને સળગાવવા માંગે છે.''

મતદાર યાદીના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) અંગે ઉલ્લેખ કરતાં સિંહે પૂછ્યું, ''શું તેઓ એ જાણતા નથી કે, એસઆઈઆર પ્રકાશિત થયા પછી, જે લોકોના નામ છૂટી ગયા છે અથવા ડિલીટ થઈ ગયા છે તેમને તેમની વિગતો સબમિટ કરવાની તક મળે છે?''

સિંહે ગાંધી પર ફોટો સેશન યોજવાનો અને ચૂંટણી પંચ અને સુપ્રીમ કોર્ટને બદનામ કરવાની ટેવ હોવાનો પણ આરોપ લગાવ્યો હતો. સિંહે આક્ષેપ કર્યો હતો કે, વિપક્ષી નેતાઓ 'અર્બન નક્સલ'ની જેમ વર્તી રહ્યા છે પરંતુ દાવો કર્યો હતો કે ભારતના યુવાનો દેશનું રક્ષણ કરવા માટે દ્રઢસંકલ્પ છે.

# ઉત્તરાખંડના ઊંચા પર્વતો પર ફસાયેલા 27 ટ્રેકર્સને એરલિફ્ટ કરી બચાવાયા

**ઉત્તરાખંડના** વિવિધ ભાગોમાં વરસાદ, બરફવર્ષા અને ભૂસ્ખલન

દહેરાદૂન, તા. 29 (PTI): ખરાબ હવામાનની સ્થિતિને કારણે ફસાયેલા 27 ટ્રેકર્સને હેલિકોપ્ટરની મદદથી ઉત્તરાખંડના ઊંચાઈવાળા હિમાલયી વિસ્તારોમાંથી બચાવી લેવામાં આવ્યા છે. એમ અધિકારીઓએ મંગળવારે જણાવ્યું હતું.



અગાઉ સોમવારે વિવિધ સ્થળોએ ફસાયેલા 40 લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા, જેથી બચાવવામાં આવેલા ટ્રેકર્સ અને પોર્ટર્સની સંખ્યા વધીને 67 થઈ ગઈ છે. મંગળવારે સવારે હવામાન સાફ થયા પછી ઉત્તરકાશી જિલ્લામાં કાલિંદી ખાલ અને માઉન્ટ જોગિનમાંથી આઠ-આઠ લોકોને, જ્યારે રુદ્રપ્રયાગ જિલ્લાના વાસુકી તાલ ટ્રેક પરથી 11 લોકોને એરલિફ્ટ કરવામાં આવ્યા હતા. તેમને હર્ષિલ હેલિપેડ પર લઈ જવામાં આવ્યા હતા જ્યાં તેમને આરોગ્ય તપાસ માટે મોકલવામાં આવ્યા હતા અને દરેક વ્યક્તિનું સ્વાસ્થ્ય સામાન્ય હોવાનું જણાયું હતું.

# યુગાન્ડાની પરંપરાગત રાજાશાહીમાં એક ટીવી પત્રકારને માથે રાજાનો તાજ

**જો કે** અહીં રાજા નામ માત્રના હોય છે, વહીવટમાં તેમનો કોઇ અવાજ હોતો નથી

કંપાલા (યુગાન્ડા), તા. ૨૯(એપી): યુગાન્ડાના તોરો સામ્રાજ્યમાં ગત મહિને તેમના ભૂતપૂર્વ "બાળ રાજા"નું અવસાન થતાં વ્યાપક શોક અને ઉત્તરાધિકારનો વિવાદ સર્જાયો હતો. આ જ પરંપરાગત રાજશાહીના નવા રાજા તરીકે મંગળવારે એક પત્રકારનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો હતો.

આ પત્રકાર એક રાજકુમાર છે જેઓ યુગાન્ડા બ્રોડકાસ્ટિંગ કોર્પોરેશનમાં લાંબા સમયથી બ્રોડકાસ્ટર અને એડિટર તરીકે કામ કરતા હતા. તેમણે 'એડવર્ડ રૂકિડી



ન્યાબોન્ગો' નામ ધારણ કર્યું છે. તેમણે રાતોરાત ધાર્મિક વિધિઓ પૂર્ણ કરી, મહેલમાં પ્રવેશ કર્યો અને મંગળવારે તેમના અનુયાયીઓ સામે ઔપચારિક રીતે રજૂ થયા. બ્રિટિશ સંસ્થાનવાદી શાસનમાંથી યુગાન્ડાની આઝાદી પછી ૧૯૬૦ના દાયકામાં એક રિપબ્લિકન પ્રમુખ દ્વારા પરંપરાગત રાજશાહીઓ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો, જેમણે કહ્યું હતું કે તેઓ દેશને એકજુટ કરવા માંગે છે. ત્યારબાદ ૧૯૯૩માં આ રાજાશાહીને પુનઃસ્થાપિત કરવામાં આવી હતી. આ પૂર્વ આફ્રિકાના દેશમાં આવા પરંપરાગત રાજાઓ પાસે કોઈ ઔપચારિક અધિકારો હોતા નથી અને કાયદાકીય રીતે તેમને પક્ષીય રાજકારણમાં ભાગ લેવા પર પ્રતિબંધ છે.

**પીએનબી કૌભાંડ: યુએઈમાંથી ડિપોર્ટેશન બાદ**

# CBIએ નીરવ મોદીના સહયોગી સંદીપ મિસ્ત્રીની ધરપકડ કરી

મુંબઈ, તા. ૨૯ (પીટીઆઈ): પંજાબ નેશનલ બેંકમાં રૂ. ૬,૪૯૮.૨૦ કરોડના કૌભાંડના સંબંધમાં યુએઈમાંથી ભાગેડુ બિઝનેસમેન નીરવ મોદીના સહયોગી સંદીપ મિસ્ત્રીનું ડિપોર્ટેશન સફળતાપૂર્વક સુરક્ષિત કર્યા પછી સીબીઆઈ દ્વારા તેની ધરપકડ કરવામાં આવી છે. એમ અધિકારીઓએ મંગળવારે જણાવ્યું હતું.

સીબીઆઈની વિનંતી પર જુલાઈમાં જારી કરાયેલી ઈન્ટરપોલ રેડ નોટિસના આધારે સંદીપ મિસ્ત્રીને યુએઈમાંથી ડિપોર્ટ કરવામાં આવ્યો હતો. તે વિવિધ કંપનીઓ વચ્ચે એક મહત્ત્વપૂર્ણ કડી હતો, જે તેના રોજબરોજના કામકાજ પર નજર રાખતો હતો અને પુરાવા છુપાવવા માટે ખાનગી, આપોઆપ ડિલીટ થઈ જનાર કોમ્યુનિકેશન પ્લેટફોર્મ્સ દ્વારા સૂચનાઓ જારી કરતો હતો. સીબીઆઈના પ્રવક્તાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ''તદનુસાર, સંબંધિત વ્યક્તિનું લોકેશન ટ્રેક કરીને યુએઈના અધિકારીઓ દ્વારા તેની ધરપકડ કરવામાં આવી હતી અને ડિપોર્ટેશનની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. સંબંધિત વ્યક્તિ ૨૮ સપ્ટેમ્બરે રાત્રે 11:55 કલાકે મુંબઈ પહોંચી હતી, જ્યાં તેને સીબીઆઈ અને બેંક સિક્યોરિટીઝ એન્ડ ફ્રોડ બ્રાન્ચ (બીએસએફબી), મુંબઈના અધિકારીઓ દ્વારા કસ્ટડીમાં લેવામાં આવ્યો હતો અને સક્ષમ કોર્ટ સમક્ષ રજૂ કરીને જેલ કસ્ટડીમાં મોકલવામાં આવ્યો હતો.''